https://www.divyabhaskar.co.in/local/gujarat/ahmedabad/news/edii-organizes-5-days-free-training-program-for-professors-from-universities-in-uttar-pradesh-and-chhattisgarh-129488362.html

# નિ:શુલ્ક તાલીમ કાર્યક્રમ:EDIIએ ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢની યુનિવર્સિટીઓના પ્રોફેસરો માટે 5 દિવસનાં નિ:શુલ્ક તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું

અમદાવાદ16 કલાક પહેલા




અમદાવાદ:ઇનોવેશનનો પ્રોત્સાહન આપવા અને ઉદ્યોગસાહસિકતા સાથે વિદ્યાર્થીઓને જોડવાના ઉદ્દેશ સાથે ediiએ અનેક યુનિવર્સિટીઓ સાથે પાયાના સ્તરે કામ શરૂ કર્યું છે. આ ઉપક્રમે ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢની 5 યુનિવર્સિટીના 24 પ્રોફેસર માટે edii દ્વારા 5 દિવસના નિ:શુલ્ક તાલીમ કાર્યક્રમનું આયોજન થયું છે. આ તાલીમ કાર્યક્રમ 7 માર્ચથી શરૂ થયો છે, જે 11 માર્ચ સુધી ચાલુ રહેશે. આ તાલીમ edii સાથે જોડાયેલી યુનિવર્સિટીઓ માટે નિ:શુલ્ક આપવામાં આવે છે.

આંતરપ્રિન્યોર ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (edii), અમદાવાદના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ તાલીમ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું અને પ્રોફેસરોને સંબોદન કરતા ઉધોગસાહસિકતાની તાલીમના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, આપણે આત્મનિર્ભર બનવા માટે ઉધોગસાહસિકતાને વિધાર્થી જીવન સાથે અપનાવવી પડશે. તેમણે યુનિવર્સિટીઓને કુલપતિઓની પ્રશંસા કરીને કહ્યું હતું કે, અત્યારે યુનિવર્સિટીનું નેતૃત્વ જાગૃત અને અગ્રેસર છે, જે એક સારો સંકેત છે.

edii અમદાવાદમાં પોલિસી એડવોકસી અને રિસર્ચ વિભાગના હેડ ડો. અમિત કુમાર દ્વિવેદીએ જણાવ્યું હતું કે, શૈક્ષણિક સંસ્થાઓના પ્રોફેસરોને જાગૃત કરવાના ઉદ્દેશ સાથે આ કાર્યક્રમનું આયોજન થયું છે. આ 5 દિવસીય તાલીમ કાર્યક્રમમાં ઉત્તરપ્રદેશની 4 યુનિવર્સિટી અને મધ્યપ્રદેશની 1 યુનિવર્સિટીના એમ કુલ 24 પ્રોફેસર ટ્રેનિંગ લઈ રહ્યાં છે, જેમાં ડો. એપીજે અબ્દુલ કલામ ટેકનિકલ યુનિવર્સિટી, લખનૌમાંથી 5, છત્રપતિ શાહૂજી મહારાજ યુનિવર્સિટી, કાનપુરમાંથી 6, સરદાર વલ્લભભાઈ પટેલ એગ્રિકલ્ચર એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી, મેરઠમાંથી 4, મદનમોહન માલવિય ટેકનોલોજી યુનિવર્સિટી, ગોરખુપરમાંથી 4, ગુરુ ઘાસીદાસ યુનિવર્સિટી, બિલાસપુર, છત્તિસગઢમાંથી 5 પ્રોફેસર ediiમાં ઉધોગસાહસિકતા સંબંધિત તાલીમ મેળવી રહ્યાં છે, જેથી તેઓ તેમની યુનિવર્સિટીઓમાં માર્ગદર્શન આપી શકશે.

આ 5 દિવસીય કાર્યક્રમનો ઉદ્દેશ સહભાગીઓને વર્તમાનમાં ઉધોગસાહસિકતાની સંભાવનાઓ, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ચાલતી વિવિધ નાણાકીય સહાયની યોજનાઓ, વિધાર્થીઓ માટે નવો અભ્યાસક્રમ બનાવા, વિધાર્થીઓના આઇડિયાઓને સ્ટાર્ટઅપ માટે પસંદ કરવા, ઇન્ક્યુબેશન અને પ્રી-ઇન્ક્યુબેશની વ્યવસ્થા અને સંસ્થાની અંદર વાતાવરણ વિકસિત કરવા તૈયાર કરવાનો છે.